જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૬/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-  સમાચાર યાદી નં.૧૦૩૧/૧૮

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

## મોબાઈલ લુંટ કરતી ટોળકીને પકડી પાડતી ગાયકવાડ હવેલી પોલીસ

વિશેષ સંયુક્ત પોલીસ કમિ.શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા એ.સી.પી શ્રી "ઇ" ડિવિઝન શ્રી તથા ગા.હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના **પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.શિંગરખીયા સાહેબ તથા સ્ટાફના માણસો** નાઓને મળેલ બાતમી હકીકત આધારે સ્ટાફના માણસોએ જમાલપુર ફુલ બજાર ખાતે તા. ૨૯/૦૫/૨૦૧૮ ના સવારે સાડા છ વાગ્યે ટ્રાફિકના કારણે ફરી.શ્રીની ગાડી ધીમી પડવાના કારણે અજાણ્યા ત્રણેક છોકરાઓ ગાડી પર ચડી જઈ ગાડીમા ભરેલ સરગવાના પોટલા નીચે ફેંકવા લાગેલ અને બુમાબુમ થતા આ અજાણ્યા ઈસમોએ ફરી.શ્રી સાથે ઝપાઝપી કરી ગાડીની કેબીનમા મુકેલ સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિં.રૂ. ૧૪૯૦૦/-તથા ફરી.શ્રીનુ પર્સ કે જેમા રૂ, ૧૦૦૦૦/-રોકડા તથા અસલ આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ અને બોલેરો ગાડીની ડુપ્લીકેટ આર.સી. બુક મળી કુલ્લે રૂ. ૨૪૯૦૦/-ની લોખંડની છરી બતાવી લુંટ કરી જાનથી મારી નાખવાની ધાક ધમકી આપી નાસી જઈ લુંટ કરેલ હોય જે આરોપીઓને સર્વેલન્સ સ્કોડના **પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.શિંગરખીયા સાહેબ તથા સ્ટાફના માણસો નાઓએ** વોચ ગોઠવી આરોપીઓ નામે (૧) રમજાની સ/ઓ અનવરભાઈ જાતે શેખ ઉ.વ. ૧૯ રહે.ચેપીરોગ દવાખાનાની આગળ ઢોર બજાર દાણીલીમડા અમદવાદ શહેર (૨) અમઝદ @ ઈન્ટુ સ/ઓ સિરાઝભાઈ જાતે અજમેરી ઉ.વ. ૨૧ રહે.એકતાનગરના છાપરા પાણીની ટાંકીની પાસે દાણીલીમડા અમદાવાદ શહેર (૩) રશીદ @મુન્ના અહેમદ રશીદ @કાસમભાઈ જાતેશેખા ઉ.વ. ૨૭ રહે. જમાલપુર પોલીસ ચોકી સામે છાપરામા જમાલપુર અમદાવાદ શહેર નાઓને તા.૨૯/૦૫/૨૦૧૮ ના કલાક ૨૧/૩૦ વાગ્યે પકડી અટક કરી સદરી આરોપીઓ પાસેથી ફરી.શ્રીનો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિં.રૂ. ૧૪૯૦૦/-તથા રોકડ રૂ. ૩૦૦૦/- તેમજ ફરી.શ્રીનુ પર્સ કે જેમા અસલ આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ અને બોલેરો ગાડીની ડુપ્લીકેટ આર.સી. બુક એમા કુલ ૧૭૯૦૦/-નો મુદ્દમાલ રિકવર કરી આરોપી વિરૂધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશન :</u>**

## વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી શાહીબાગ પોલીસ

મે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મે.અધિ.પો.કમિ.શ્રી સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા અધિ.ના.પો.કમી શ્રી 'એફ' ડીવીઝન સાહેબ તથા સિનિયર પોલીસ ઇન્સપેક્ટર એ.કે.પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ પ્રો.પો.સબ.ઈન્સ. આર.પી.ડાભી તથા અ.હેડ.કોન્સ. વસંતકુમાર નટવરભાઈ બ.નં.૮૨૦૧ તથા મ.સ.ઈ.લાલજીભાઈ ચેહોરભાઈ બ.નં.૭૩૪૭ તથા પો.કો.વિવેકભાઈ ભીખુભાઈ બ.નં.૩૭૦૯ તથા પો.કો. રાજદીપકુમાર ચતુરભાઇ બ.ન.૫૭૫૮ તથા પો.કો.વિજયસિંહ ગોવિંદસિંહ બ.ન.૪૯૫૩ તથા પો.કો. નારાયણભાઈ વેલજીભાઈ બ.નં.૪૮૯૮ તથા પો.કો. મિહિરસિંહ બનેસિંહ બ.નં. ૧૦૪૨૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુંહાઓ શોધી કાઢવા પેટ્રોલીંગ માં હાજર હતા તે દરમ્યાન અસારવા તળાવ ખાતે આવતાં પો.કો.વિવેકભાઈ ભીખુભાઈ બ.નં.૩૭૦૯ તથા પો.કો.વિજયસિંહ ગોવિંદસિંહ બ.ન.૪૯૫૩ નાઓને મળેલ ખાનગી હકીકત આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૦/૨૦૧૮ ઈ.પી.કો.૩૭૯ મુજબના ગુનાના આરોપી આકાશ S/O વિનોદભાઈ પટણી (સાંગડીયાવાળા) ઉ.વ.૨૦ રહે- કડીયાની ચાલી,નવો રોડ, સંતોષીમાતાના મંદીર ની પાછળ, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેર નાને પકડી એક હિરો હોંડા કંપનીનું મોટર સાયકલ નં.GJ-01-FG-9507 નું જેની કિં.રૂ.૧૦,000/- ની મત્તાનું રીકવર કરી આજરોજ તા.0૧/0૬/૨૦૧૮ ના કલાક:0૧/૧૦ વાગે અટક કરી ઉપરોક્ત ગુનો ડીટેકટ કરેલ છે.

## અમરાઇવાડી પોલીસ સ્ટેશન :

### અમરાઇવાડી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોર્ડ દ્વારા ઇગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડી કરેલ સારી કામગીરીની પ્રેસનોટ

મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અ'વાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન ૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "આઇ" ડીવીજન સા. નાઓની સુચનાથી મળેલ કે પ્રોહી/જુગારની ચાલતી તમામ પ્રવૃત્તિઓ નેસ્ત નાબુદ કરી આવી પ્રવૃતિઓ કરનાર વિરૂધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરવા જણાવતા અત્રેના પો.સ્ટે.ના પો.ઇન્સ.શ્રી ઓ.એમ.દેસાઇ સા. માર્ગદર્શન હેઠળ અમો તથા પો.સબ.ઇન્સ.ડી.આઇ.સોલંકી સા. તથા સાથેના સર્વે.સ્કોડના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના આ.સબ.ઇન્સ.રતિલાલ કરશનભાઇ તથા પો.કો.અમરસિંહ ડાયાજી નાઓની સંયુકત બાતમી હકીકત આધારે અમરાઇવાડી ગુલાબનગર ગેલામોહનની ચાલી મ.નં.૬૨ ના બીજા માળે રેઇડ કરવા જતા અમો પોલીસને જોઇને સદરી મકાન આગળથી વિજય રાજપુત તથા હીતેષ રાણા નાસી ગયેલ અને સદરી મકાનની નીચેના મકાનમાં ત્રણ બહેનો નામે ૧) હીરાબેન તે કાળુભાઇ મગનજી જાતે રાણા ની વિધવા પત્ની ઉ.વ.૫૨ રહે.મ.નં.૬૨,ગેલ મોહનની ચાલી ગુલાબનગર અમરાઇવાડી અમદાવાદ શહેર તથા (૨) સમાબેન વા/ઓ હિતેશભાઇ કાળુભાઇ રાણા ઉ.વ.૨૯ રહે.સદર (૩) લક્ષ્મી વા/ઓ વિજયસિંહ અંબિકાસિંહ રાજપુત ઉ.વ.૨૯ રહે.ગેલામોહનની ચાલી પટેલ એન્ડ મહેતાની સામે SBI બેન્કની પાસે ગુલાબનગર અમરાઇવાડી અમદાવાદ નાઓ મળી આવેલ જેઓને સાથે રાખી સદરી બાતમી હકીકતવાળા મકાનમાં તપાસ કરતા પરપ્રાંતિય ઇગ્લીશ દારૂની અલગ-અલગ કંપનીની બોટલો નંગ-૯૬ કી.રૂ.૪૮,૦૦૦/- ની મળી આવતા સદરી ત્રણેય બહેનોને સદરી ઇગ્લીશ દારૂના જથ્થા બાબતે પુછતા સદરી ઇગ્લીશ દારૂનો જથ્થો વિજય રાજપુત તથા હિતેષ રાણા લાવેલ હતા અને તે છુટક વેચાણ કરે છે અને અમો આ માલની દેખભાળ રાખીયે છીયે તેવુ જણાવતા ઉપરોકત મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરી મળી આવેલ ત્રણેય બહેનો તથા નાસી જનાર બન્ને ઇસમો વિરુદ્ધમાં ધી પ્રોહી કલમ ૬૬બી,૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧ મુજબ ગુનો દાખલ કરી ત્રણેય બહેનોને તા.૩૧/૦૫/૧૮ ના કલાક ૧૨/૦૦ વાગે નજર કેદ રાખી વોન્ટેડ આરોપીઓ પકડવા સારૂ તપાસ હાથ ધરેલ છે.

## જી.આઇ.ડી.સી. વટવા પોલીસ સ્ટેશન :

### પાસા અટકાયતીને પકડતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓએ ઝહીરઅબ્બાસ ઈબ્રાહીમભાઈ મોમીન ઉ.વ-૨૮ રહે- વજીભાઈનો ડેલામાં ખોખર ચકલા સૌરાષ્ટ્ર બેન્ક પાછળ સોનીવાડા ધોળકા તા-ધોળકા જી-અમદાવાદ નાનો "જાહેરવ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો કરતો હોય જેની વિરુધ્ધ વટવા પો.સ્ટેફ.ગુ.ર.નં-૭૦/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિનિયમ ૨૦૧૧ ની કલમ- ૩, ૫, ૬(ખ), ૭, ૮(૨),(૩) મુજબ ધી પશુતરફઘાતકીયવર્તન અટકાવવાના કાયદાની કલમ-૧૧(ઈ),(એલ) ધી બી પી એમ સી એક્ટ કલમ-૩૩૫,૩૩૬ મુજબ તેમજ જીઆઈડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં-૧૨/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિનિયમ ૨૦૧૧ ની કલમ- ૩, ૫, ૬(ખ), ૭, ૮(૨),(૩) મુજબ ધી પશુતરફઘાતકીયવર્તન અટકાવવાના કાયદાની કલમ-૧૧(ઈ),(એલ) ધી બી પી એમ સી એક્ટ કલમ-૩૩૫,૩૩૬ મુજબના ગુનાઓ દાખલ થયેલ હોય.સદરી આરોપી વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર-ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૪૧૩/૧૮ તા:૩૧/૦૫/૨૦૧૮ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તેમજ સ્ટાફના માણસો વોચમાં રહી મળી આવતા પકડી લઈ તા:૩૧/૦૫/૧૮ ના ક:૧૯/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"કૃષ્ણનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "કૃષ્ણનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.